
# જાગૃતિ સંદેશ


Price : 5/-
Total Page : 24

**JAGRUTI SANDESH**


**Vol 16 Issue No. 03 - Mumbai MARCH 2016**


## પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર









# જે. જે. સી. - ચેમ્બુર નો હૃદયપૂર્વક આભાર



સાત વર્ષથી "માય હોલિડેઝ" પર વિશ્વાસ રાખી સફળતાપૂર્વક ટુરોનું આયોજન કરવાનો મોકો આપવા બદલ સૌ કમિટી મેમ્બર તથા ટુરમાં ભાગ લેનાર પ્રવાસીસોનો અંત:કરણથી આભાર.

### "જે. જે. સી. - ચેમ્બુર" અને "માય હોલિડેઝ" ના
### નેજા હેઠળ અત્યાર સુધી સફળતાપૂર્વક પાર પાડેલ ટુરો

| | | |
|---|---|---|
| થાઈલેન્ડ (બેંગકોક - પટ્ટાયા) | ૬ દિવસ | જુલાઈ ૨૦૦૯ |
| દુબઈ | ૬ દિવસ | જાન્યુઆરી ૨૦૧૧ |
| કેરેલા | ૯ દિવસ | જુલાઈ ૨૦૧૨ |
| મલેશિયા સિંગાપુર સાથે સ્ટાર વર્ગો ક્રુઝ | ૧૨ દિવસ | નવેમ્બર - ૨૦૧૪ |
| મૉરેશિયસ | ૭ દિવસ | જુલાઈ ૨૦૧૫ |





## આગામી નિશ્ચિત ઉપડતી ટુરો

થાઈલેન્ડ (બેંગકોક - પટ્ટાયા) - ૬ દિવસ - ઉપડશે: ૨૫ એપ્રિલ ૨૦૧૬

સાઉથ આફ્રિકા સાથે સેશેલ્સ - ૧૬ દિવસ - ઉપડશે: ૨૬ જુલાઈ ૨૦૧૬

ફક્ત સાઉથ આફ્રિકા - ૧૨ દિવસ - ઉપડશે:૨૬ જુલાઈ ૨૦૧૬



આ સિવાય હનીમુન ટુર, ફેમિલી એન્ડ ફ્રેન્ડસ ગ્રુપ્સ, સોશ્યલ ગ્રુપ્સ, કોર્પોરેટ ગ્રુપ ટુર, Leisure & M I C E ટુરો ઉપલબ્ધ

## ઈન્ટરનેશનલ ઉપલબ્ધ પેકેજીસ



સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, જાપાન, હોંગકોંગ-મકાઉ-શેન્ઝેન, ચાયના, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપુર, બાલી, દુબઈ, યુરોપ, સેન્ટ્રલ યુરોપ, ઈજીપ્ત, ટર્કી, જોર્ડન, સ્પેન, પોર્ટુગલ, મૉરોક્કો, મૉરેશિયસ, માલ્દીવ્સ, સેશેલ્સ, U.S.A.,




**ઉપરોક્ત ટુરોમાં આપણા પોતાના મહારાજ સાથે/સિવાય શુદ્ધ શાકાહારી ભોજન તથા જૈન ભોજન પણ ઉપલબ્ધ**











Advt.

*Anil Shethia*
+91 93204 44942

# My Holidays

*Rajesh Doshi*
+91 93234 63295
+91 98201 41155

12-A, Shubh Milan, Dixit Cross Road No.1, Vile Parle (East), Mumbai - 400 057. Tel Fax- 91-22-26112345 / 26100219 Email : myholidays100@gmail.com

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી પ્રવીણ એ. શાહ | શ્રી રવજી જી. ગાલા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી રમેશ એમ. સંઘવી |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-    વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો**

જય જિનેન્દ્ર,

તહેવારપ્રિય પ્રજા હોવાથી આપણે તહેવારોનો ખડકલો કરી દીધો છે. રાષ્ટ્રીય, ધાર્મિક, સામાજિક, પૌરાણિક ઉપરાંત હમણાંહમણાં થોડા આંતરરાષ્ટ્રીય પણ! ઉપરાંત આપણે બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર હોઈ સર્વધર્મના તહેવારોનો આદર કરીએ છીએ. ઈદનો તહેવાર ભલે આપણે ધાર્મિક રીતે ઊજવતા ન હોઈએ, પણ જાહેર રજા રાખી ઊજવીએ જ છીએ! મુસ્લિમ બિરાદરો ગણેશચતુર્થી ધાર્મિક રીતે ન ઊજવતા હોય, પણ રજા તો રાખે જ છે ને! આવા તો કેટલાય તહેવારો છે. ઉપરાંત રવિવાર નામનો અંગ્રેજોએ વારસામાં આપેલો મહાતહેવાર તો દર અઠવાડિયે આવે જ છે. (થોડા સમય બાદ સરકારે કદાચ Working daysનું જ લિસ્ટ પ્રકાશિત કરવું પડશે).

થોડા સમય પહેલાં જ આપણે આનંદનો ઉત્સવ હોળી ઊજવ્યો. મહારાષ્ટ્રમાં તેનાં રંગરૂપ બદલાવી નાખ્યાં. મહારાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તે છે. તળગામડામાં તો એકાદ બેડું કે બાલદી પાણી માટે બે-ત્રણ કિલોમીટર દૂર જવું પડે છે. આવા સંજોગોમાં પાણીનું એકએક બુંદ આપણે બચાવવું જોઈએ એ રાષ્ટ્રભક્ત નાગરિક તરીકેની આપણી ફરજ છે.

આ સંજોગોને અનુલક્ષીને સેન્ટ્રલ બોર્ડ દ્વારા દરેક સેન્ટરને આદેશાત્મક વિનંતી કરવામાં આવી કે પાણીનો જરા પણ વ્યય થાય તેવી રીતે હોળી ઉત્સવ ઊજવવો નહીં. તેને લઈને લગભગ બધાં સેન્ટરોએ તાત્કાલિક ધોરણે Resortમાં જવાનું કેન્સલ કરી નાખ્યું. ઉપરાંત લોકલ સ્થળોએ પણ આડકતરી રીતે પાણીનો વ્યય ન થાય તે માટે કલર કે પિચકારીથી રમવાનું બંધ રાખ્યું. તેને બદલે 'તિલક હોળી' રમ્યા, એટલે કે આવનારા બધા સભ્યોને કપાળ ઉપર પ્રતીકરૂપ ગુલાલનું તિલક કરી પછી વિવિધ રમતો, ગીત-સંગીતના કાર્યક્રમો અને સહભોજન કરી હોળીને નવું સ્વરૂપ આપ્યું. મને લાગે છે કે ઉત્સવનું આ સ્વરૂપ લગભગ દરેકને પસંદ પડયું! એક વાત તો સિદ્ધ થાય છે કે આપણું સેન્ટ્રલ બોર્ડ યોગ્ય સમ્યે સમાજલક્ષી/રાષ્ટ્રલ મહત્ત્વના નિર્ણયો લઈ બધાં સેન્ટરોને આદેશાત્મક વિનંતી કરે છે અને દરેક સેન્ટર તેના નિર્ણયોનો આદર પણ કરે છે. આ આપણી સંસ્થાની તંદુરસ્તી સૂચવે છે. દરેક સેન્ટરને અભિનંદસહ આભાર, પણ સાથેસાથે એક પ્રશ્ન તો મનમાં ઊઠે જ છે. આવડા મોટા દેશમાં દરેક વર્ષે ક્યાંક તો દુષ્કાળ અથવા અતિવૃષ્ટિની સમસ્યા હોય જ છે. આનો ઉકેલ કેમ આપણે લાવી શકતા નથી? ભારતમાં હિમાલય, વિંધ્યાચલ, અરવલ્લી, સાતપુડા, સહ્યાદ્રી, નીલગીરી જેવી જબ્બરજસ્ત પર્વતમાળાઓ છે જે પૂરતો વરસાદ ખેંચી લાવવા સક્ષમ છે. આ પર્વતમાળા ઉપરના જંગલનો આપણે ક્ષુલ્લક સ્વાર્થ ખાતર નાશ

કરતા જઈએ છીએ, તેથી વરસાદની માત્રા ઘટી રહી છે. તેમ છતાં હજી જરૂરિયાત પૂરી થાય તેટલો વરસાદ દરેક પર્વતમાળામાં પડે છે. વરસાદના આ પાણીને વૈજ્ઞાનિક શોધખોળનો ઉપયોગ કરી સંઘરવું જોઈએ, જેના પ્રયત્નમાં આપણે ઊણા ઊતરીએ છીએ. ઉપરાંત દેશની દરેક નદીઓને એકબીજા સાથે સાંકળી લઈ ક્યાંક દુષ્કાળ કે ક્યાંક અતિવૃષ્ટિ પર કાબૂ મેળવી શકાય. ૧૯૬૦-'૬૧ દરમિયાન તત્કાલીન ઉચ્ચ ભૂસ્તરશાસ્ત્રી ડૉ. દસ્તૂરે એક મહત્ત્વાકાંક્ષી "Garland Project" રજૂ કર્યો હતો જે અન્વયે ગંગા-જમુના-બ્રહ્મપુત્રાનું પાણી મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત સુધી અને ગોદાવરી-કાવેરીનાં જળ મહારાષ્ટ્ર, ઓરિસા, આંધ્ર પ્રદેશ સુધી પહોંચાડવાનો પ્રોજેક્ટ હતો. આનાથી પાણીની સમસ્યા તો ઉકેલાતી હતી, પણ જળવહન વ્યવસ્થા દ્વારા ટ્રાન્સ્પોર્ટનો ખર્ચો પણ સાવ જ નજીવો આવતો હતો. કોઈ કારણસર રાજ્યોના માંહોમાંહેના ઝઘડાનો ઉકેલ આવ્યો નહીં અને આખો પ્રોજેક્ટ અભરાઈ પર ચડાવી દેવામાં આવ્યો. રાજ્યો વચ્ચેની હુંસાતુંસી તથા સ્વાર્થી રમત જોઈ મને એમ લાગે છે કે આ બધાને નાથવા સરદાર વલ્લભભાઈ પટેલે હજી ૧૦-૧૫ વર્ષ વધારે જીવવાની જરૂર હતી. ખેર, આને નસીબ બે ડગલાં આગળ કહેવાય!

જેજેસીનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ઉચ્ચ શિક્ષણ સહાય ઉત્તરોત્તર નવી ક્ષિતિજો સર કરે છે. ૨૦૧૫માં દરેક સેન્ટરો અને દાતાઓના સહયોગથી રૂા. ૯.૮૫ કરોડનું યોગદાન મેળવી શક્યા જેમાંથી વર્ષ ૨૦૧૫માં કુલ ૮૬૬ વિદ્યાર્થીઓએ સહાયનો લાભ લીધો. અત્યાર સુધીમાં છેલ્લાં અગિયાર વર્ષમાં આપણે કુલ ૬૮૫૬ વિદ્યાર્થીઓને ૪૨.૬૭ કરોડ જેટલી સહાય આપી ચૂક્યા છીએ જેમાંથી લગભગ ૯૨૪ જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ ભણવા ગયા છે. એમાંથી ઘણા વિદ્યાર્થીઓએ ભણતર પૂરું કર્યા બાદ સારી જોબ લઈ લીધી છે અને તેમના રિફંડ આવવાનું ચાલુ થઈ ગયું છે.

૨૦૧૬ માટે આપણો લક્ષ્યાંક હજી ઉપર જાય છે, કારણ જે વિદ્યાર્થીઓનો અભ્યાસ હજી ચાલુ છે તેઓને Repeat સહાય આપવાની છે, ઉપરાંત નવા વિદ્યાર્થીઓને પણ સહાય આપવાની છે. માટે આપણા ૬૪૦૦૦ સભ્યોને અપીલ કરું છું કે સજ્જ થઈ જાવ અને વધુ ને વધુ યોગદાન મેળવવા પ્રયત્ન કરો. આપણો અત્યાર સુધીનો અનુભવ બોલે છે કે આવા સારા-પવિત્ર અભિયાનમાં દરેક જણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે યોગદાન આપવા ઉત્સુક હોય છે. જરૂર છે ફક્ત યોગ્ય સંપર્કની. સુખી-સમૃદ્ધ દાતાઓ આપણા સમાજમાં પુષ્કળ છે અને તેઓ આવા પવિત્ર યજ્ઞમાં જોડાવા આતુર હોય છે. તેઓ ફક્ત જુએ છે કે તેમના પૈસા યોગ્ય રીતે વપરાય છે અને પારદર્શક વહીવટ છે કે નહીં! અને આપણે છેલ્લાં આઠ વર્ષમાં આ સાબિત કરી આપ્યું છે કે સેન્ટ્રલ બોર્ડ લેવલે અપૂર્વ વ્યવસ્થાથી કાર્ય થઈ રહ્યું છે. જ્યાં એક રૂપિયાની આશા લઈને ગયા હોઈએ ત્યાં દોઢ રૂપિયો મળે છે. આપણા માટે આ ગૌરવનો વિષય છે.

હું આશા રાખું છું કે આપણા જેજેસી પરિવારના દરેક સભ્ય અપેક્ષાથી અધિક ફાળો લખાવે અને તેમની ઓળખાણમાં આ હેતુને Mobilise કરે.

આજે ગૂડીપડવો છે. લગભગ ૮૦૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રીરામે પિતાને આપેલ વચન પ્રમાણે ચૌદ વર્ષનો વનવાસ વેઠી, એ ચૌદ વર્ષ દરમિયાન અનિષ્ટરૂપ રાવણનો વધ કરીને વિજય મેળવીને અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો તેની ઉજવણી નિમિત્તે ગૂડી બનાવી તેની પૂજા કરવામાં આવે છે. ગૂડીપડવો મહારાષ્ટ્રમાં વિશેષરૂપે ઊજવાય છે. ચૈત્ર શુદ-૧ એટલે કે ગૂડીપડવો (પડવો એટલે એકમ)થી નવું વર્ષ શરૂ થાય છે તેથી મહારાષ્ટ્રીયનો માટે શુભ દીન લેખાય છે. શાલિવાહન સંવતની શરૂઆત પણ આ જ દિવસે શરૂ થાય છે. ચાલો, આવા પ્રતિપદાના પાવન દિવસે મંગળ પ્રાર્થના કરીએ કે 'શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે' અને હા, હવે પાટી-પેન તો રહ્યાં નથી, એકડો પણ વ્યવહારમાંથી અદૃશ્ય થઈ ગયો છે, ત્યારે તમારાં સંતાનો (૨½ વર્ષ- પહેલાંની જેમ સાત વર્ષ સુધી ખેંચવાનું નહીં)ને કૉમ્પ્યુટર સામે બેસાડી Key Board ઑપરેટ કરાવી અભ્યાસના શ્રીગણેશ કરો. સરસ્વતી દેવીના આશીર્વાદ સંતાનોને મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

અમારાં વિવિધ સેન્ટરોની મુલાકાતનો દોર હજી ચાલુ છે. રવિવાર, તા. ૨૦-૩-૨૦૧૬ના રોજ સેન્ટ્રલ બોર્ડના દરેક પદાધિકારીઓનું કચ્છ મિટનું આયોજન કર્યું છે. માંડવીમાં શ્રી ભાવિનભાઈ શાહ કચ્છ મિટનું સંચાલન કરે છે તેમાં કચ્છનાં ૧૧ સેન્ટરો ભાગ લે છે તથા તેમાં ૪૫૦ મેમ્બરો એકત્ર થવાના છે. તેવી જ રીતે રવિવાર, તા. ૨૭-૩-૨૦૧૬ના રોજ ઉત્તર ગુજરાતમાં શ્રીમતી કાશ્મીરાબેન હરડે (લેડીઝ વિંગ) મહેસાણા ઉત્તર ગુજરાતનાં અગિયાર સેન્ટરો તથા ૫૨૦ સભ્યોની સાથે સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ મુલાકાત કરવાના છે.

આ મિટ કરવાનો હેતુ નવાં સેન્ટરો ઓપન કરવા તથા જૂનાં દરેક સેન્ટરની સ્થાનિક સમસ્યા, નાનાં ગામ હવે જૈનવિહોણાં થતાં જાય છે, ધંધાના અભાવે તથા સલામતીના સંદર્ભમાં જૈનો ધીમેધીમે ગામડાંમાંથી મોટાં શહેરોમાં વસતા જાય છે, તેમાંય ખાસ સૌથી મોટી મૂંઝવતી સમસ્યા ઍજ્યુકેશન અને લગ્નસંબંધી છે. માટે જ આ ચિંતાનો વિષય છે, ઉપરાંત ચિંતન પણ કરવું જરૂરી છે.

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૮-૨-૧૬ | 'વાર લાગી થોડી, પણ જામી ગઈ જોડી' - નાટક | ◈ |
| | : | ૨૭-૨-૧૬ | 'હાફ ટિકિટ' - નાટક | ◈ |
| ● બોરીવલી | : | ૨૫-૨-૧૬ | 'અર્ધસત્ય' - નાટક | ◈ |
| | : | ૨૮-૨-૧૬ | 'તીર્થયાત્રા' – પ્રવાસ | ★ |
| ● ભાવનગર | : | ૧૪-૨-૧૬ | 'તીર્થયાત્રા' - પ્રવાસ | ★ |
| | : | ૨૯-૨-૧૬ | 'ધ વેઈટિંગ રૂમ્સ' - નાટક | ◈ |
| ● બીચ સાઈડ | : | ૧૬-૨-૧૬ | 'સનમ રે' - મ્યુઝિકલ શો | ◈ |
| ● ભુજ | : | ૨૧-૧-૧૬ | 'જોગણીનાર' - પિકનિક | ★ |
| ● ભાંડુપ-વિક્રોલી | : | ૧૭-૨-૧૬ | 'અર્ધસત્ય' - નાટક | ✦ |
| | : | ૧૯-૨-૧૬ | 'ભવ્ય આનંદમેળો' - | ◈ |
| ● ચેમ્બુર | : | ૧૫-૨-૧૬ | 'અર્ધસત્ય' - નાટક | ◈ |
| | : | ૧૯-૨-૧૬ | 'ભવ્ય આનંદમેળો' - | ✦ |
| ● દાદર | : | ૦૭-૨-૧૬ | 'હાફ ટિકિટ' – નાટક | ◈ |
| ● દહિસર | : | ૧૪-૨-૧૬ | 'વેલેન્ટાઈન ડે' - મ્યુઝિકલ શો | ★ |
| ● જેમ્ જગડુશા | : | ૦૬-૨-૧૬ | 'કોડમંત્ર' – નાટક | ◈ |
| | : | ૧૯-૨-૧૬ | 'આનંદમેળો' | ✦ |
| ● જુહુ | : | ૧-૨-૧૬ | 'એક સેલ્ફી સજોડે' - નાટક | ◈ |
| | : | ૫-૨-૧૬ | '૮ દીક્ષાર્થીનો ટૉક શો' - પ્રવચન | ◈ |
| | : | ૯-૨-૧૬ | એમ.જે. (મનીષ જોશી) મ્યુઝિકલ શો | ★ |
| | : | ૧૪-૨-૧૬ | 'તુમ જો મિલ ગયે હો' - નાટક | ◈ |
| | : | ૧૬-૨-૧૬ | 'ફિતુર' - ફિલ્મ | ◈ |
| | : | ૧૮-૨-૧૬ | 'પોલમપોલ' - ફિલ્મ | ◈ |
| | : | ૨૧-૨-૧૬ | 'ડેલા ઍડવેન્ચર' - લોનાવલા | ★ |
| ● જુહુ બીચ | : | ૧૮-૨-૧૬ | 'વેલેન્ટાઈન ડે' - મ્યુઝિકલ શો | ★ |
| | : | ૨૯-૨-૧૬ | 'ભરી લઉં આંખમાં જિંદગી' - નાટક | ◈ |
| ● કાંદિવલી | : | ૧૦-૨-૧૬ | 'અર્ધસત્ય' - નાટક | ★ |
| | : | ૨૮-૨-૧૬ | 'સાઈલેન્ટ રિસોર્ટ' - પિકનિક | ★ |
| ● લેડીઝ વિંગ મહેસાણા | : | ૧૬-૧-૧૬ | 'ગેટ ટુ ગેધર' - | ★ |
| ● મુંબઈ | : | ૧૪-૨-૧૬ | 'An Evening of semi classicals' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | | ૧૮-૨-૧૬ | 'લાઈફ ઈઝ બ્યૂટિફૂલ' – નાટક | ◈ |
| ● લેડીઝ વિંગ મુંબઈ ઈસ્ટ | : | ૧૭-૨-૧૬ | 'આનંદમેળો' – | ✦ |
| ● નૉર્થ ઈસ્ટ | : | ૧૩-૨-૧૬ | 'હાફ ટિકિટ' - નાટક | ◈ |
| | : | ૧૯-૨-૧૬ | 'આનંદમેળો' - | ✦ |

| | | | | |
|---|---|---|---|---|
| ● મુલુંડ | : | ૧૯-૨-૧૬ | 'ચાર્ટર ડે (જન્મદિવસ)' - મ્યુઝિકલ મસ્તી અને મ્યુઝિકલ હાઉસી | ★ |
| ● મલાડ | : | ૨૪-૨-૧૬ | 'Mr. B. Six Sense' - | ★ |
| ● માંડવી | : | ૧૪-૨-૧૬ | મ્યુઝિકલ શો | ★ |
| ● નવી મુંબઈ | : | ૨૨-૨-૧૬ | 'મનહર ઉધાસ' - ગઝલ | ◈ |
| ● નૉર્થ વેસ્ટ | : | ૯-૨-૧૬ | 'હમતુમ' - મ્યુઝિકલ શો | ★ |
| | : | ૧૩-૨-૧૬ | 'કોડમંત્ર' - નાટક | ◈ |
| | : | ૧૯-૨-૧૬ | 'આનંદમેળો' - | ✦ |
| ● પેડર રોડ | : | ૧૪-૨-૧૬ | 'પોલમપોલ' - નાટક | ◈ |
| | : | ૨૦-૨-૧૬ | 'વાર લાગી થોડી, પણ જામી ગઈ જોડી' - નાટક | ◈ |
| ● રૉયલ જગડુશા | : | ૧૦-૨-૧૬ | 'કોડમંત્ર' - નાટક | ◈ |
| | : | ૧૪-૨-૧૬ | 'માંડવી હિલ રિસોર્ટ' - | ★ |
| | : | ૧૯-૨-૧૬ | 'આનંદમેળો' - | ✦ |
| ● સાયન માટુંગા | : | ૨૮-૨-૧૬ | 'એક સેલ્ફી સજોડે' - નાટક | ◈ |
| ● શિવાજી પાર્ક | : | ૧૨-૨-૧૬ | 'કોડમંત્ર' - નાટક | ◈ |
| ● વિલે પાર્લે | : | ૧૧-૨-૧૬ | 'એક સેલ્ફી સજોડે' - નાટક | ✦ |
| | | ૨૯-૨-૧૬ | 'Golden Era Songs' - મ્યુઝિકલ શો | ◈ |
| ● વાપી | : | ૧૩-૨-૧૬ | 'No Exit' - નાટક | ◈ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦


# JJC Rajwadi

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road, Opp. Standard Chartered Bank, Ghatkopar (E), Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

## રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઇ ગઇ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઇ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઈ મેઇલ આઇડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા**

૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા

૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથીશનિવાર

૩) રજિસ્ટ્રેશન ફી રૂા. 500/ - ભરવાની રહેશે.

CONTACT :

Sunil Shah - 75062 66440
Praful Mehta - 98200 68297
Harsha Shah - 98336 70028

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરોના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

## APRIL CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Wadhwan | 03-04-1999 | Yogesh Shah | 9879569090 | Yogeshkumar Shah | 9879569090 |
| 2 | Jamnagar | 04-04-1999 | Shailesh Sheth | 9428074899 | Anil Mehta | 9428074899 |
| 3 | Beach Side | 14-04-2005 | Shailesh Shah | 9821040426 | Uday Sanghvi | 9820013861 |
| 4 | Suryapur Surat | 19-04-1997 | Nilesh Sanghavi | 9825617833 | Naresh Dhami | 9825651191 |
| 5 | Sayajinagari Vadodara | 22-04-2001 | Divyang Shah | 9427313113 | Milan Shah | 9376230377 |
| 6 | Ghatkopar | 26-04-1980 | Jayendra Dadia | 9869000028 | Pankaj Maru | 9819799655 |
| 7 | Bombay Down Town | 26-04-1998 | Dhiren Gosalia | 9322618916 | Dhiren Gosalia | 9322618916 |
| 8 | Madhapar | 27-04-2003 | Rohit Shah | 9426788868 | Nilesh Trevadia | 9427442012 |
| 9 | Nakhatrana | 27-04-2003 | Axay Shah | 9825021569 | Ketan Shah | 9979918618 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Marriage Date | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Rajesh R. Bhansali | 29-04-1951 | 9820045847 | saumildiamond@sify.com |

# શ્રમણ સંમેલન
## પરંપરા જાળવવી કે પરિવર્તન કરવું ?

■ હરીશ શાંતિલાલ મહેતા

૨૮ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર જૈન સમાજના શ્રમણોનું મહાઅધિવેશન શ્રી શત્રુંજય તીર્થ-પાલિતાણા મુકામે તા. ૨૬મી માર્ચથી પારણા ભવન, તળેટી રોડ ખાતે યોજાશે. આ મહાસંમેલનની શુભ શરૂઆત થશે ત્યારે તપગચ્છીય સંપ્રદાયના ગચ્છાધીપતિઓ, આચાર્યો, મુનિ મહારાજો તથા સાધ્વીઓનું વિશાળ વૃંદ વર્તમાન કાળમાં થઈ રહેલી ધર્મઆરાધના તથા શ્રમણીઓની વિવિધ સમસ્યાઓ વિશે સંવાદ કરશે. આ મહાઅધિવેશનનો કોઈ ખાસ ઍજન્ડા સંઘજોગ પ્રકાશિત નથી કરાયો, પણ સર્વે હાજર ગચ્છાધીપતિઓની આજ્ઞાથી વિવિધ મંતવ્યો, સૂચનો, ફરિયાદો અને ભાવિ આયોજન અંગેની સૂચિ તૈયાર કરીને તેના ઉપાયો તથા અમલીકરણ માટેની વ્યવસ્થા તથા વિધિ અંગે પરસ્પર સંવાદ યોજાશે.

આ સંવાદ-મંથનમાંથી શું પ્રાપ્ત થશે? તેવા સવાલના જવાબમાં જાણીતા સરસ્વતીઆરાધક આચાર્યશ્રીએ જણાવેલ કે આટલાં સાધુ-સાધ્વીઓ ખુલ્લા મને અને ધર્મ પ્રત્યેની વિશિષ્ટ લાગણીઓ સાથે ભેગા મળે છે એ જ એક અર્થમાં સફળતા છે. વિચારભેદો ઘણા છે, માન્યતાઓ અને ક્રિયાભેદ પણ ઘણાં છે છતાંય ભગવાન મહાવીરે સ્થાપેલા સંઘનાં સાધુ અને સાધ્વીઓ ભેગાં થઈને કોઈ ચોક્કસ સમસ્યાના નિરાકરણ તથા તેના અમલીકરણ માટે તૈયાર થયાં છે તે સકળ સંઘ માટે શુભ ઘડી છે.

પરંપરાની સાંકળમાં બંધાઈ રહેવું કે પરિવર્તન સાથે જગતના વહેણમાં જોડાતા રહેવું તે યક્ષ પ્રશ્ન છે. વિશેષ કરીને સાધુ સંપ્રદાય દ્વારા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ યોગ્ય છે કે નહિ. માઈક, ટેલિફોન કે લૅપટૉપ જેવાં સાધનોનો ઉપયોગ આરાધનાને પૂરક રહેશે કે અવરોધક તે વિચારણા માગે છે. શહેરીકરણ વધતાં સાધુ-સાધ્વી દ્વારા ફ્લશ જાજરૂનો ઉપયોગ જરૂરી બન્યો છે તે અંગે સહાનુભૂતિપૂર્વકની વિચારણા, આ ઉપરાંત દેવદ્રવ્યનો ઉપયોગ કેમ વધુ સારી રીતે થઈ શકે તેનાં સૂચનોની પણ નોંધ લેવાશે. શ્રમણી સંપ્રદાયની સલામતીના પ્રશ્નો પણ વધતા ગયા છે. વિહાર દરમિયાન સાધુ-સાધ્વીને થતા જીવલેણ અકસ્માતો ખૂબ જ ચિંતાજનક છે. એક મોટો વર્ગ એવો છે જે માને છે કે આ ઈરાદાપૂર્વકના અકસ્માતો છે જે સાચા અર્થમાં હત્યા જ છે. અમુક ધર્મવિરોધી પરિબળો આ અકસ્માતો કરાવે છે અને સરકાર તરફથી લઘુમતી સમાજની આ ગંભીર સમસ્યા પ્રત્યે જે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે તે પણ શરમજનક છે. સાધુ-સાધ્વીઓ દ્વારા જે રીતે વ્હિલચૅરનો ઉપયોગ વધતો ચાલ્યો છે તેના પણ ઉપાયો શોધવા જ રહ્યા. ઘણા વિસ્તારોમાં ગોચરીની સમસ્યા પણ જૈન સાધુઓને ચિંતા ઉપજાવે છે. કાળ, સ્થળ, દ્રવ્ય અને સમસ્યાને અનુરૂપ કોઈક સમાધાન શોધવું જ પડશે અને તે માટે સંવાદ જરૂરી છે.

અમુક મુદ્દાઓ જેવા, કે તિથિ આરાધના, સાધુ સંપ્રદાયમાં વધતી શિથિલતા, આડેધડ થતા નૂતન જિનાલયોના બાંધકામ, સરકારનું જૈન સમાજ પ્રત્યેનું ઓરમાયું વર્તન, વધતી જીવહિંસા અને કતલખાનાઓ, ભવ્યાતિભવ્ય ઓચ્છવો, અનુષ્ઠાનો અને આયોજનો જેવા વિવાદાસ્પદ વિષયોથી કદાચ મહાસંમેલન દૂર રહેશે. આ અંગેના ઍજન્ડાની તમામ ગચ્છાધીપતિઓ પાસેથી લેખિત સંમતિ લેવામાં આવી છે. શ્રમણ સંમેલનના સંચાલનનો ભાર સાધુ સંપ્રદાયના હાથમાં જ રહેશે.

આ સંમેલનમાં અમુક બૌદ્ધિક, વિચારક, અભ્યાસુ અને અનુભવી શ્રેષ્ઠી સુશ્રાવકોને આમંત્રણ આપવાની ગડમથલ થઈ રહી છે, પણ એકંદરે આ સંમેલનનો મુખ્ય કાર્યભાર શ્રમણ-શ્રમણીઓ પાસે જ રહેશે. જો એકવાર આ મહાસંમેલન શાંતિપૂર્ણ અને સૌજન્યભર્યા વાતાવરણમાં પૂર્ણ થાય તો જૈનોની સંખ્યાબંધ ધાર્મિક સમસ્યાઓનો ઉકેલ સાધવામાં સરળતા પડશે અને તેથી જૈનોના અન્ય ગચ્છો તથા સંપ્રદાયોના આગેવાન સાધુઓની આ મહાસંમેલનની કાર્યવાહી પર ઝીણવટભરી નજર રહેશે. અલબત્ત અમુક જૈનાચાર્યોએ આ સંમેલનમાં સાથ ન આપવાનો નિર્ણય કર્યો છે, કેમકે તેઓ સ્પષ્ટ માને છે કે પરંપરાઓનો નાશ કરવાથી ધર્મ પર માઠાં પરિણામો આવી શકે છે, જ્યારે પ્રગતિશીલ સાધુઓ માને છે કે સમયાંતરે સિદ્ધાંતોના આચરણમાં પરિવર્તન જરૂરી છે.

# ''હૈ જિંદગી તો દોસ્ત હૈ ઊલટા પઢો હૈ દોસ્ત તો જિંદગી હૈ...''

■ કિરણ શાહ Past Chairman

જીવન એટલે પ્રેમનું ઝરણું, મૈત્રીની મહેફિલ અને માનવ્યનું ગૌરવ. અનેક સંબંધો વચ્ચે મૈત્રી એક પરમ-પવિત્ર છે. ભલે ભગવાને આપણને સગાં-વહાલાં આપ્યાં, પણ પાડ માનજો પ્રભુનો કે તેણે મિત્રોની પસંદગી આપણા પર છોડી દીધી છે. મિત્રને પસંદ કરવામાં એક પગથિયું નીચે ઊતરજો અને એ જાણજો કે સાચો મિત્ર એ છે કે જે તમારા દોષ જાણે અને તમારા સદ્ગુણોને નિહાળવા છતાં તમને ચાહે. ખરો મિત્ર એ છે કે જે તમારી સમૃદ્ધિ વેળા તમારી ખામી અને મૂર્ખામી વિશે ધ્યાન દોરે અને આપત્તિ વેળા હાથ અને હૈયાથી મદદ કરે. ટૂંકમાં લાગી ન હોય તોપણ તમારી સાથે દૂર સુધી પીપી કરવા આવે તે સાચો મિત્ર. કેટલાક મિત્રો તમારા પડછાયા જેવા હોય છે-જ્યારે સૂર્ય તપે ત્યારે જ જોવામાં આવે છે. મિત્ર માટેની એક અરબી કહેવત છે જેનો સારાંશ છે-મિત્ર તેને કહે જેની આગળ તમે હૃદયમાં જે કાંઈ હોય તે ઠાલવી શકો-દાણાં અને કુસકી, જે હોય તે. તમને ખાતરી છે કે એ કોમળ હાથો એને સાચવવાના છે અને જે રાખવા જેવું હોય તે રાખીને, બાકીનું કરુણાની ફૂંક વડે ઉડાવી મૂકવાના છે.

આપણે મિત્રો પ્રત્યે શા માટે માયા બતાવીએ છીએ? તેઓ આપણું મનોરંજન કરે છે માટે? ના, બલકે તેઓ આપણાથી મનોરંજિત થાય છે. માટે સારા મિત્ર બનાવવા હોય તો તેનો એક જ રસ્તો છે કે જાતે સાચા મિત્ર બનવું પડે. આના માટે એક સરળ ઉપાય છે-ધારો કે તમે કોઈ બીજી વ્યક્તિ હોત તો તમે તમારા મિત્ર થવાનું પસંદ કરત. મિત્રની ખોજ વેળાએ માણસે એક આંખ મીંચેલી રાખવી ઘટે અને તેને જાળવવા બન્ને આંખ. બંધિયાર મુઠ્ઠી કરતાં ખુલ્લા ખોળામાં ઘણા મિત્રો સમાઈ શકે છે, પણ એક વાત યાદ રાખજો, મિત્રોનો તમે જેટલો ઓછો ઉપયોગ કરો તેટલી મૈત્રી લાંબી ટકે છે. તમે તમારા મોં કરતાં કાન વડે વધારે મિત્રો જીતી શકો છો. માણસ પગ છૂટા કરવા ચાલવા જાય છે, પણ મન છૂટું કરવા મિત્રોને મળે છે. મૈત્રી સાચી પણ હોય છે અને મૈત્રી કાચી પણ હોય છે. મૈત્રી સુખ અને સગવડની પણ હોય છે. સાચો મિત્ર કોણ છે તે તારવવું બહુ સરળ છે. જ્યારે તમે કશીક મૂરખાઈ કરી બેસો ત્યારે તમે તે કાયમી કામ કર્યું છે એવી લાગણી તેને નહીં થાય. સાચો મિત્ર એ ગણાય કે તમારે ત્યાં ઈલેક્ટ્રિક પંખો નથી તે જાણવા છતાંય તમારે ત્યાં ભરબપોરે મુલાકાતે આવે. આપણા ત્રણ પ્રકારના મિત્રો હોય છેઃ તાળી મિત્રો, થાળી મિત્રો અને પ્યાલી મિત્રો. જ્યારે એક શાયરે કહ્યું છે કે દુનિયા મેં દો તરહ કે દોસ્ત હોતે હૈ, એક ક્લાસવાલે ઔર એક ગ્લાસવાલે. જિંદગી કા મતલબ ક્યા એક ધૂંધલી સી શામ, ચાર દોસ્ત, ચાર કપ ચાય (ચાર જામ) ઔર એક ટેબલ – એટલે જ ''મૈત્રીની મહેફિલ.'' અંકિત ત્રિવેદી દોસ્ત માટે કહે છે – ખભા પર હાથ મૂકો ને હૈયું હળવું થાય તેનું નામ ભાઈબંધ – દોસ્તી એટલે ખભાનું સરનામું-જેની સાથે જલસા પણ કરી શકાય અને જખ્મ પણ પંપાળી શકાય-વ્યથા અને આનંદ વહેંચવાનું સરનામું.

FRIENDનો મતલબ છેઃ

F - Few

R - Relation

I - In

E - Earth

N - Never

D - Dies.

''Thanks Heaven for Friends''-મિત્ર માટે મિત્રનો આભાર તો ખરો જ, પણ ઈશ્વરનો પણ એટલો જ આભાર. આજના કપરા સમયમાં જ્યારે સમય છે ઊકળતો ને જીવન છે સળગતું ત્યારે મિત્રોની હથેળીમાં જ આરામ મળે છે. મિત્રો માટે આપણે અંતરનેટ રાખવાનું છે ઈન્ટરનેટ નહીં, કારણકે **Good friends are hard to find, harder to leave, and impossible to forget** - પણ ઘણા માણસની ફિતરત જુઓ. એ પ્રેમ કરતાં નફરતને વધુ યાદ રાખે છે. દોસ્ત ભુલાઈ જાય છે, પણ દુશ્મન કાયમ મગજ પર સવાર રહે છે. દરેક જણ એકબીજા માટે શું કહે છે તે બધા જાણી લે તો આ દુનિયામાં બે-પાંચ મિત્રો પણ જોવા નહીં મળે!! મોટા ભાગના મિત્રો પોતાના શ્રેષ્ઠતમ મિત્રોની લઘુતાનો જ આનંદ માણતા હોય છે, ત્યારે મને એમ લાગે છે કે દરેક માણસે ઠીકઠીક મોટા કદનું કબ્રસ્તાન નિભાવવું જોઈએ કે જેમાં તે પોતાના મિત્રોના દોષને દફનાવી શકે, કારણકે...

ફિક્ર – એ રોજગારને ફાસલે બઢા દિએ

વરના સબ ચાર એકસાથ થે
અભી કલ હી કી બાત હૈ
ચલે થે દોસ્તોં કા પૂરા કાફિલા લે કર,
પર આધે જુદા હો ગએ, આધે 'ખુદા' હો ગએ
કુછ ગુમશુદા હો ગએ, તો કુછ શાદીશુદા હો ગએ.
...અને અંતમાં શ્રી હરિવંશરાય બચ્ચનની કવિતા
સારે દોસ્તોં કો સમર્પિત
અગર બીકી તેરી દોસ્તી...
તો પહેલે ખરીદાર હમ હોંગે...!
તુઝે ખબર ન હોગી તેરી કિંમત...
પર તુઝે પાકર સબસે અમીર હમ હોંગે...!!
દોસ્ત સાથ હો તો રોને મેં ભી શાન હૈ...
સારા ખેલ દોસ્તી કા હૈ એ મેરે દોસ્ત
વરના જનાજા ઔર બારાત એક સમાન હૈ।
।। શુભ રાત્રિ મિત્રો ।।

મૈત્રી માટે મિત્રનો આભાર તો ખરો જ, પણ જે.જે.સી.નો પણ એટલો જ આભાર જેણે જીવનભર સાથે રહે એવા દોસ્ત આપ્યા અને એ Feeling આપી કે ''જિન્દગાની કિ સફર મેં તું અકેલા હી નહીં હૈ - હમ ભી તેરે હમસફર હૈ!!!''


**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 •Tel.: 022-24121234**


# JAGRUTI SANDESH MAGAZINE RATE & SIZE

| Page | Commercial Advertising Rate | Matrimonial Advertising Rate | Size |
|---|---|---|---|
| **Quarter Page ( Black & White )** | 2000 | 1000 | height 11 cm & width 8.5 cm |
| **Half Page ( Black & White )** | 3000 | 2000 | **Vertical** - height 22 cm & width 8.5 cm |
| | | | **Horizental** - height 12 cm & width 18 cm |
| **Full Page ( Black & White )** | 5000 | 4000 | height 22 cm & width 18 cm |
| **Full Page ( Color )** | 9000 | 7000 | height 22 cm & width 18 cm |
| **Inside Full Page ( Color)** | 12000 | 10000 | height 22 cm & width 18 cm |
| **Last Cover Page ( Color)** | 15000 | 15000 | height 22 cm & width 18 cm |

**Important Notes :**

**Advertising Rates can be changed without any prior notice .**

Above Rates are valid till 01-01-2016 to 31-12-2016 .

**Advertising will be given to us as Corol Draw Open file , Font CC**

## નમન કરીએ નત મસ્તકે એ વાત્સલ્યની મૂર્તિ સમાં શારદા "બા" ને

જન્મ :
૨૭-૦૯-૧૯૨૬



સ્વર્ગવાસ
૨૯-૦૨-૨૦૧૬

# માતુશ્રી શારદાબેન શાંતીલાલ કોઠારી

મૂળ વતન સાયલા (અમલનેર) હાલ વિલેપારલા (મુંબઈ) રહેતા આપણા સૌના લાડીલા - માર્ગદર્શક - રાહબર એવા **શ્રી જીતન્દ્રભાઈ શાંતીલાલ કોઠારી**ના **માતુશ્રી પરમ વંદનીય શારદાબેનનું (ઉં.વ. ૯૦)** તા. ૨૯-૨-૨૦૧૬ ના દિવસે દેહાવસાન થયાના સમાચારનો આઘાત સમગ્ર ''જૈન જાગૃતિ'' પરિવારને લાગ્યો. કહેવાય છે કે...

**''મા તે મા બીજા બધા વગડાના વા''**

માતુશ્રી શારદાબેન એટલે સંસ્કાર - સ્નેહ - વાત્સલ્ય - પ્રેરણાનો મહાસાગર. જીવનના અંતિમ ૫૦ વર્ષ - જીવન સાથીની વિદાય બાદ પોતાના વહાલસોયા સંતાનો - બે દિકરા અને ચાર દિકરીઓના જીવન ઘડતરમાં અણમોલ યોગદાન આપનાર આ **''સંસ્કારદાતા''** ની વિદાયથી માત્ર કોઠારી પરિવારમાંજ નહિ પરંતુ સમગ્ર જૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે.

જૈન જગતમાં **''જીતુભાઈ''** ના હુલામણા નામે ઓળખાતા આપણા સૌના પ્રેરણામૂર્તિ સમા શ્રી જીતેન્દ્રભાઈ શાંતીલાલ કોઠારીનું જીવન ઘડતર કરનાર **''શારદાબા''** સાચા અર્થમાં માત્ર જીતુભાઈના જ માતા ન હતા પરંતુ સમગ્ર જૈન સમાજની જનની સમા હતા. કહેવાય છે કે જીતુભાઈનો દિવસ આવા માતુશ્રીનો નમન કરી શરૂ થતો અને **''બા કેમ છે''** જાણી પૂરો થતો. અનેક વિધ સંસ્થાઓમાં ઓતપ્રોત એવા શ્રી જીતુભાઈ શૈક્ષણિક - સામાજીક ક્ષેત્રે સેવાઓ પ્રદાન કર્યા પછી કુટુંબનું ઘડતર કરવામાં સદાયે ચોક્કસ રહયા છે.

**''જન્મ તેનું મૃત્યુ''** નિશ્ચિંત હોવા છતા વહાલાની વિદાય ખૂબજ અઘરી હોય છે. જીતુભાઈના જીવનસંગિની શ્રીમતી વર્ષાબેને **''શારદાબેન''** ની કરેલ સેવા અનેકને માટે માર્ગદર્શક બની રહેશે. માતુશ્રી શારદાબેન જયારે અનંતની યાત્રાએ ચાલી નિકળ્યા છે ત્યારે પ્રભુને એટલીજ પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર પાવનકારી આત્મા મહાવિદેહ ક્ષેત્રે વિચરી - પરમ પદને - મોક્ષપદ ને પ્રાપ્ત કરે. સમગ્ર કોઠારી પરિવારના આ દુઃખમાં અમારો સમગ્ર **જેજેસી જુહુ બીચ પરિવાર** સહભાગી બને છે.

**હરેશભાઈ પારેખ**
પ્રમુખ
**જે જે સી જુહુ બીચ**
સંપૂર્ણ કારોબારી કમિટી તથા સભ્ય પરિવાર

Advt.

# આગવી પ્રતિભા ધરાવતા...શુન્યમાંથી સૃષ્ટિ સર્જી

**વ્યવસાય જગતમાં સફળતાના સોપાન સર કરનારા વીરલાઓ જુજ છે... કોઈક સમયે 'તળિયે' રહેનાર વ્યક્તિ પણ જો ધારે તો 'શિરમોર' બની શકે છે પ્રસ્તુત છે થોડાં ઉદાહરણરૂપ વ્યક્તિઓની સફર જુજ શબ્દોમાં...**

### ધીરૂભાઈ અંબાણી



ત્યારે...'ભજિયા વેચતા'

અત્યારે...રિલાયન્સના સ્થાપક.

લાખો કર્મચારીઓ, અબજોથી વધુની અસક્યામતો

### લક્ષ્મીદાસ મિત્તલ



ત્યારે...પરિવાર નાદારીનો ભોગ બન્યો.

અત્યારે...'સોનાલિકા' ગ્રુપના માલિક અને ચેરમેન.

૫૦૦૦ કર્મચારીઓ,
૬૫૦ લાખ ડોલર્સનું ટર્નઓવર.

### ધરમપાલ ગુલાટી



ત્યારે...જીવન નિર્વાહ માટે દિલ્હીમાં 'ટાંગો' ચલાવતા

અત્યારે...રિલાયન્સના સ્થાપક.

લાખો કમચારીઓ, અબજોથી વધુની અસક્યામતો

### અનિલ અગ્રવાલ



ત્યારે...ભંગારના વિક્રેતા તરીકે

અત્યારે...સ્થાપક અને ચેરમેનઃ સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રિઝ અને વેદાંત રિસોર્સિસ

### દિલીપ સંઘવી



ત્યારે...દવાના વિતરક.

અત્યારે...સન ફાર્માસ્યુટિકલ્સના સ્થાપક. ભારતના સૌથી વધુ ધનાઢય તરીકે મુકેશ અંબાણીથીયે આગળ.

૩૦૦૦ થી વધુ કમચારીઓ.

### કરસન પટેલ




ત્યારે...ડિટર્જન્ટ પાવડરનું ઉત્પાદન કરીને રૂા. ૩/– પ્રતિ કિલોના ભાવે વેચતા.

અત્યારે...નિરમા ગ્રુપના સ્થાપક

૧૮૦૦૦ કર્મચારીઓ,
૭૦૦૦ કરોડનું ટર્નઓવર.

### ગૌતમ અદાણી




ત્યારે...અધવચ્ચેથી અભ્યાસ છોડીને ૧૮ વર્ષની વયે અલ્પ રકમ સાથે મુંબઈ આવ્યાં.

અત્યારે...ભારતના ધનાઢયોમાંથી એક, અદાણી ગ્રુપના સ્થાપક / ચેરમેન.

૬૦૦૦૦ જેટલાં કર્મચારીઓ,
કુલ અસક્યામતો : ૬૦ અબજ ડોલર

# સર્જનારા વીરલાઓને શત શત સલામ !

## નિતીન સંઘવી



ત્યારે...રૂા. ૫૦૦ની લોન લઈને
મિત્રના ગેરેજ કાર્યારંભ કર્યો.

અત્યારે...નીતિન ફાયર
પ્રોટકશનના માલિક
વાષિક 'ટનઓવર' રૂા. ૧૦૦૦ કરોડ

જેમના ચહેરાપર સદાસ સ્મીત લહેરાતું રહે છે...
જેઓ કોઈપણ કાર્ય બાબતે ચપટીમાં નિર્ણય લઈ શકે છે...
જેઓ સમાજના જરૂરતમંદોને સહાય કરવા સદા તત્પરછે...
જેઓ જૈન ધર્મના સિદ્ધાંતોને અનુસરીને જીવન જીવે છે...
અને જેઓએ વ્યવસાયમાં અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે
તે 'જેજેસી નોર્થ ઈસ્ટ'ના પ્રમુખ

શ્રી નીતિનભાઈ સંઘવીએ પણ સંઘર્ષનો સામનો કરીને સખત પરિશ્રમ દ્વારા ખંત, ખુમારી અને દીર્ઘદ્રષ્ટિથી આજે ઉદ્યોગક્ષેત્રે ઉચ્ચ હરોળમાં અગ્રેસર સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રના સફળતમ ઉદ્યોગપતિઓની હરોળમાં નામ નોંધાવનાર આપણા સેન્ટરના દાનવીર, કર્મવીર, ધર્મવીર એવા શ્રી નીતિનભાઈ સંઘવીને લાખ લાખ શુભેચ્છાઓ ! આ રીતે સફળતાના નીતનવા શિખરો સર કરતા રહો !

આપ અમારા સેન્ટરનું ગૌરવ છો...સદાય સફળતાના માર્ગપર, ઉન્નતિના પથપર ચાલતા રહો એવી અભ્યર્થના !

**લી. જેજેસી નોર્થ ઈસ્ટની કારોબારી કમિટી**
**તથા સમસ્ત મેમ્બર પરિવાર**

Advt.



LET'S LIVE LIFE WITH
DIGNITY, COMFORT & CARE

EVEREST
DIGNITY
DREAM APARTMENTS
FOR SENIOR CITIZENS

૫૦ વર્ષથી વધુના વયસ્કો માટે
સર્વ સુવિધાઓ તથા સલામતી ધરાવતું
સ્વમાન સાથે સન્માનપૂર્વક જીવન વ્યતિત કરવા માટે
*જીવન વસંતનું નવું સરનામું*

## એવરેસ્ટ ડીગ્નીટી એટલે...

જીવનના એક નવા પડાવે સમવયસ્ક સમાન રસ ધરાવતા સાથીદારો સાથે જીવનનો આનંદ મુક્તપણે મનગમતી રીતે માણી શકાય તેવું આપણી પોતાની સ્વતંત્ર માલિકી ધરાવતું ઘર.....નહિ કે વૃધ્ધાશ્રમ કે ઓલ્ડ એઈજ હોમ

જીવનના ઉત્તરાર્ધે આલેખાતા એક નવા અધ્યાયનુ પ્રથમ પૃષ્ઠ



| 1 BHK | 2 BHK | 2.5 BHK | Total |
|---|---|---|---|
| BA 540 sq.ft. | BA 760 sq. ft. | BA 925 sq. ft. | 134 Units |
| SBA 840 sq. ft. | SBA 1170 sq. ft. | SBA 1450 sq. ft. | |

Jain Temple just 1 km away





A Project by
**AKASH CORPORATION**

**Site: Everest Dignity** Opp. Banco, Besides Bhayli Bil Station, Bhayli TP 5, Vadodara, (4 kms from Akshar Chowk)
**For More details: +91 76 98 95 00 22**
**Booking Office: Everest Dignity** 108, Abhishek Complex, Akshar Chowk, Beside Blue Lagoon Hotel, Vadodara
**For More details: +91 76 98 95 00 55**
email: info@everestdignity.com | seniorhousing@everestdignity.com | www.everestdignity.com

Advt.

## તમારા બાળકને ઓળખો

# ઍડ્‌મિશનનો ખોટો હાઉ

■ ડૉ. નીતા સાવંત, એમ.ડી. (મનોરોગ નિષ્ણાત) - અનુવાદક : લલિતકુમાર શાહ

જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાના આગમન સાથે જેના ઘરમાં નાનું બાળક છે ત્યાં દોડધામની શરૂઆત થઈ જાય છે. ઘરમાં દરેક વડીલોના ચહેરા પર તેમનાં લાડકા કે લાડકી બચ્ચીને સારી સ્કૂલમાં ઍડ્‌મિશન મળશે કે નહીં તેની ચિંતા દેખાઈ આવે છે. તપાસની શરૂઆત થાય છે પ્લૅ ગ્રુપ અથવા પ્લૅ સ્કૂલથી. પ્લૅ ગ્રુપમાં બાળકને ફક્ત રમવા-કૂદવા માટે મોકલવામાં આવે છે.

ઍડ્‌મિશન વખતના ઈન્ટરવ્યૂ માટેની ટ્રેનિંગ શરૂ થઈ જાય છે. હકીકતમાં બાળકને આ વિશે કંઈ જ ખબર હોતી નથી. સ્કૂલને પણ સારા વિદ્યાર્થી જોઈતા હોય છે. બાળકોની પસંદગી કરવા માટેના ઈન્ટરવ્યૂ પણ તેવા જ હોય છે, પણ દેખાવ મોટી પરીક્ષા જેવો હોય છે! ખરું કહીએ તો આ ઈન્ટરવ્યૂ બાળકનો નહીં, પણ તેનાં માતા-પિતાની પરીક્ષા સમાન હોય છે. તેથી જ બાળકોની સાથે માતા-પિતા પણ ઘરેથી બધી તૈયારી કરીને જાય છે. બાળકને તેનું નામ, સરનામું, રંગોની માહિતી તથા જુદાજુદા આકાર વિશે જાણકારી આપવામાં આવે છે. ખૂબ જ ઠાંસીઠાંસીને બાળકના મગજમાં ભરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. વાર્તા, કવિતા, નાચ-ગાન જેવી બાબતો બાળકને ગળે ઉતારવાનો જોરદાર પ્રયાસ કરવામાં આવે છે. બિચારાં બાળકો મૂગા મોંએ આવી બળજબરી સહન કરી લે છે. આ બધું તે શીખી લે છે, પણ ખરી જરૂર પડે ત્યારે જ તે ચૂપ થઈ જાય છે અથવા તો કંઈ પણ બોલવાનો ઈનકાર કરી દે છે અને રડવાનું શરૂ કરી દે છે. વળી, કોઈ કોઈ બાળક 'હું નહીં કહું, જાવ' જેવો જવાબ પણ આપી દેતા હોય છે અને આટલા બધા દિવસોની મહેનત પર પાણી ફેરવી દેતા હોય છે. આને આખરે તો બાળબુદ્ધિ અને બાળહઠ સિવાય બીજું શું કહેવાય! જોકે, આવો અનુભવ લગભગ મોટા ભાગનાં માતા-પિતાને થતો હોય છે. બાળકને દોષ દેવાથી કોઈ અર્થ નથી સરતો. આમ જુઓ તો કોઈ નોકરી-વ્યવસાય માટેનો આ ઈન્ટરવ્યૂ નથી હોતો તેથી ન તો આપણે આપણી જાતને દોષી ગણીએ કે ન તો શાળાના સંચાલકોને, જે બાળક અને માતા-પિતાની પરીક્ષા લેતા હોય છે. તેમ છતાં આપણે હંમેશાં એવી અપેક્ષા રાખતા હોઈએ છીએ કે એ નાનકડું બચ્ચું આ પરીક્ષામાં સફળતાપૂર્વક પાસ થાય અને શાળામાં પ્રવેશ મેળવે. આપણે આટલા પક્ષપાતી શા માટે? ઍડ્‌મિશન ન મળ્યું તો પૂરો દોષનો ટોપલો બાળક પર શા માટે ઢોળી દઈએ છીએ? તેમના માટે તો એ બધું અજાણ્યું, કદી ન જોયેલું કે જાણેલું હોય છે. અજાણ્યા માણસો, વાતાવરણ અને પુછાતા સવાલો-એ બધું જ કદાચ તેને મૂંઝવી પણ દે છે. તેમ છતાં આપણે બાળકને કહીએ છીએ 'બેટા ગભરાતો નહીં... સરખા જવાબ આપજે.' શું આમ કરવું યોગ્ય છે? બિચારાં બાળકો એ સમજી શકતાં નથી કે આ બધા સવાલોનો મારો અને તેના જવાબ ગોખવવાની જબરજસ્તી તેમના પર શા માટે કરવામાં આવે છે. ઈન્ટરવ્યૂ એટલે શું? અને આ બધો બૉમ્બમારો શા માટે કરવામાં આવે છે તેની તેને જાણ ન હોવાથી ઈન્ટરવ્યૂનું પરિણામ નબળું આવે છે. આ બધું તેની સમજની બહાર હોય છે અને સ્વાભાવિક પણ છે. ઈન્ટરવ્યૂ વખતે દરેક અજાણી વ્યક્તિના સવાલોના બરોબર જવાબ આપવા એવું જાણે કે તેનાં મા-બાપે તેના પર બંધન લાદી દીધું હોય છે. એવું પણ બને છે કે બાળકને એ ઈન્ટરવ્યૂ લેનારી વ્યક્તિ ગમતી જ ન હોય અથવા તેને જોઈને ગભરામણ થતી હોય. વાતાવરણ અજાણ્યું હોવાથી તેને એ બધા

પારકા લાગવાની પણ શક્યતા હોય છે અને આ બધાંના કારણે તેની આંખમાં આંસુ આવી જાય તો શું એ સ્વાભાવિક નથી?

જ્યારે આવી વિચિત્ર પરિસ્થિતિમાંથી બાળક પસાર થતું હોય ત્યારે બાળક ઈન્ટરવ્યૂ બરોબર જ આપશે એવી અપેક્ષા મા-બાપ રાખે છે તે યોગ્ય નથી. ઈન્ટરવ્યૂ વખતે બાળક મોકળાશ અનુભવે તે ખૂબ જ જરૂરી છે. મારી પાસે એવાં પણ ઉદાહરણો છે કે આ સમયે જ્યારે બાળક રડવા લાગે છે ત્યારે મા-બાપ બાળકને મારવા લાગે છે અથવા ચીઢાઈ જઈને ધમકાવવા લાગે છે. આવી વર્તણૂક અયોગ્ય જ છે.

દરેક બાળકના સારા-ખરાબ વર્તાવનો તેનાં મા-બાપના વર્તાવ સાથે સીધો સંબંધ હોય છે. મા-બાપ જો બાળકની માનસિક, ભાવનાત્મક અને શારીરિક જરૂરિયાતો પ્રત્યે સરખી રીતે ધ્યાન આપે તો તેનું પરિણામ તરત જ જોવા મળશે. તેથી જ જ્યારે ઍડ્મિશન ફૉર્મ ભરવામાં આવે અને ઈન્ટરવ્યૂની તારીખ નક્કી થાય ત્યારે બાળકના મગજમાં કોઈ નવી અથવા અજાણી માહિતી ઘુસાડવાનો પ્રયત્ન કરતા નહીં. તેનો કંઈ જ ઉપયોગ નહીં થાય. બાળકને સામાન્ય અને સરળ રીતે જે જ્ઞાન મળતું હોય છે તે જ તેને ઉપયોગી થઈ પડે છે. કેવળ ઈન્ટરવ્યૂમાં પાસ થવા માટે અથવા કહેવાતી કોઈ સારી સ્કૂલમાં પ્રવેશ મેળવવા માટે બાળક પર કોઈ પણ પ્રકારની માહિતીનો વર્ષાવ કરતા નહીં. આવું ન કરતા, પણ જ્યારે બાળક ઈન્ટરવ્યૂ માટે અંદર જાય ત્યારે તેને નજીક લઈને વહાલ કરજો. તેના વાળમાં પ્રેમભર્યો હાથ ફેરવજો, ચુંબન કરજો અને હસતા મુખે અંદર જવા દેજો. આ રીતે વાતાવરણ આવકારદાયક અને તાણવિહોણું બની જશે. તમે તેની સાથે છો તેવો વિશ્વાસ તેનામાં પેદા કરો અને તેને કોઈ પણ જાતના ડર વિના અંદર જવા કહો. તેના કામનાં વખાણ કરો. તેની ભૂલો બદલ જરા પણ ટીકા કરશો નહીં અને સૌથી અગત્યની વાત તો એ છે કે ઈન્ટરવ્યૂમાં કદાચ તે નાપાસ થાય તો તે વિષે તેને ઠપકો ન આપશો કે મારશો નહીં. એવું કરવાથી તેના પર કંઈ જ અસર થવાની નથી અને તમારા વિશે તેના મનમાં પ્રતિકૂળ લાગણી પેદા થવાની શક્યતા વધી જશે. નાપાસ થવું તે એ બાળકની ભૂલ નથી, પણ તમારી ભૂલ છે તેનો ખયાલ રાખો, કારણકે તમે યોગ્ય રીતે તૈયાર કરીને તેને ઈન્ટરવ્યૂ માટે મોકલ્યું નહોતું. વર્તમાન શિક્ષણપદ્ધતિની જે આ ટ્રેજેડી છે તે માટે જવાબદાર તત્ત્વોમાં તમારો પણ ફાળો છે. આ કમનસીબ બાબત પ્રત્યે આપણે આંખમિચામણાં ન કરી શકીએ.

નાનાં બાળકોની લાગણી કે માનસિક્તાનો જરા પણ ખયાલ રાખ્યા વિના તેના પર આ શિક્ષણપદ્ધતિ લાદી દેવામાં આવે છે અને માતા-પિતા આવી કેળવણી પદ્ધતિનો વિરોધ નથી કરતાં, પણ એ પ્રવાહમાં શામેલ થઈ જાય છે. આમાં ગૂંગળાઈ મરે છે કોણ? બલિનો બકરો કોને બનાવવામાં આવે છે? બિચારા અબૂધ બાળકને જ! આપણે ક્યારેય આ ગંભીર બાબતનો વિચાર કરતા નથી. હકીકતમાં કેટલાંક વર્ષોથી પ્રચલિત બનેલી આ પદ્ધતિ સ્કૂલની પ્રતિષ્ઠા માટે અયોગ્ય અને નાલેશીભરી બાબત છે. ફક્ત આવી પ્રચલિત પદ્ધતિને વળગી રહેવાનો કોઈ અર્થ નથી. સ્કૂલોએ આવી ઈન્ટરવ્યૂ પદ્ધતિને બદલીને બાળકને રમત-ગમત દ્વારા અથવા બાળકને મોકળાશનો અનુભવ થાય તેવું વાતાવરણ પેદા કરી ધીમેથી સવાલો પૂછવા જોઈએ. જ્યારે તે 'ફિલ ગૂડ' થાય તેવી સ્થિતિમાં હોય ત્યારે આસ્તેઆસ્તે તેની બૌદ્ધિક ક્ષમતાને ચકાસવાનો પ્રયાસ કરવો જોઈએ. આટલી નાની ઉંમરનાં બાળકોમાંથી હોશિયાર છોકરાઓ શોધીને તેને ઍડ્મિશન આપવાની આ રીત કેટલી યોગ્ય છે?

જોકે, સામાન્યતઃ મા-બાપ અને સ્કૂલો આ પદ્ધતિને યોગ્ય માની લેતાં હોય છે. વાસ્તવિક દ્દષ્ટિએ જોઈએ તો દરેક બાળકને સારી શાળામાં શિક્ષણ મળે એ તેનો હક્ક જ હોય છે, પરંતુ તે માટે આજની પ્રચલિત પદ્ધતિ યોગ્ય નથી અને તેથી સરકારે યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે. તે જ પ્રમાણે મા-બાપોએ સંગઠિત થઈને બાળકોનું માનસિક અધઃપતન કરનારી આ પદ્ધતિ વિરુદ્ધ અવાજ ઉઠાવવો ખૂબ આવશ્યક છે.

# અભાવનો અંધકાર

■ પુષ્પા કિશોર ગાલા

"અભાવમાં રહેવાના સ્વભાવને લીધે જે મળ્યું છે એનું સુખ ટકતું નથી અને જે નથી મળ્યું એનું દુઃખ જતું નથી".

અભાવ એટલું શું? અભાવ એટલે ખામી, ત્રુટી, ખોટ એ બધું તો ખરું જ, પરંતુ ખામી, ખોટ, ત્રુટી છે એ બહારથી વ્યક્તિને દુઃખી કરે છે. જ્યારે અભાવ ભીતરમાં હોય છે અને એ આપણા સ્વભાવ સાથે એવો જોડાઈ જાય છે કે આપણને સંતોષના ઘરમાં પ્રવેશ કરવા દેતો નથી અને એ અભાવ આપણને ભટકાવ્યા કરે છે. "જે સામે છે એની અવગણના કરી અને દૂર છે એની આરતી ઉતારવાનો પ્રયાસ કરાવે છે", પરંતુ એમાં અસંતોષ પેદા કરી દુઃખી થવાય છે.

રસ્તા પર કાંકરા જ કાંકરા હોય તો બૂટ પહેરીને ચાલી શકાય, પરંતુ જો એક કાંકરો બૂટની અંદર ઘૂસી જાય તો ચાલવું મુશ્કેલ છે. અર્થાત્! આપણે બહારની મુશ્કેલીનો રસ્તો શોધી શકીએ છીએ, પરંતુ અંદરના અભાવની મુશ્કેલી આપણી રુકાવટ બની આપણો રાહ અટકાવી અવરોધ પેદા કરે છે. આપણા ઘરમાં ટી સેટ, ડિનર સેટ, સોફા સેટ, ટી.વી. સેટ અને હિરા-મોતી-જવેરાતના સેટ હોવા છતાં આપણે અપસેટ છીએ એનું કારણ આ અભાવ છે અને એ અભાવ આપણા સ્વભાવને બદલી આપણી શાંતિનો ભંગ કરે છે.

આપણા જીવનમાં મોટાઓને સ્વભાવનો અભાવ નડે છે અને યંગસ્ટરોમાં સહનશક્તિ અને ધીરજનો અભાવ નડે છે. એમને "ઈન્સ્ટન્ટ રિપ્લાય"ની આદત પડી ગઈ છે. આજે યંગસ્ટરો સતત વૉટ્સઍપ, ફેસબુક, ટ્વીટરના અપડેટના જંગલમાં અટવાઈ ગયા છે અને ધીરજ ખોઈ બેઠા છે. એમના ચેટિંગમાં સવાલો પણ ઈન્સ્ટન્ટ, જવાબો પણ ઈન્સ્ટન્ટ અને જવાબ ન આવે તો ફ્રસ્ટ્રેશન પણ ઈન્સ્ટન્ટ અને ડિપ્રેશનનો ભોગ બની દુઃખના ડુંગરના તળિયે દબાયા કરે અને નવા સંબંધોની શોધમાં નીકળી પડે. આપણામાં કહેવત છે ને કે "ઝાઝા રસોઈયા રસોઈ બગાડે" એવી રીતે આ આધુનિક સાધનોએ ઘણાબધા અભાવો વ્યક્તિઓના સ્વભાવમાં ઉભા કર્યા છે.

દેખીતી વસ્તુ જોવા માટેની શક્તિ અત્યંત બુદ્ધિશાળી લોકોમાં સહજ હોય છે. અંધ વ્યક્તિ પોતાની સ્વયંસ્ફુરણાથી વધુ જોઈ શકે છે. જ્યારે દેખતો માણસ એની જે આંખો બતાવતી હોય એનાથી સંતોષ નથી માની શકતો અથવા જે કંઈ જોયું હોય તે સ્વીકારવા તૈયાર ન હોય તો ઈર્ષા, હરીફાઈ, વેરભાવ એ બધું અભાવના ઘરમાં પ્રવેશી ગયું હોય છે.

કહેવાય છે "દલીલ કરતાં દાખલો બળવાન છે." એક હજાર દલીલો જે અસર પ્રગટાવી શકતી નથી, એ અસર એક જ પ્રત્યક્ષ દૃષ્ટાંત પ્રગટાવી શકે છે. એટલે જ ઉપદેશકો અને લેખકો દૃષ્ટાંતને વધુ અગ્રતા આપતા હોય છે.

નાનું દૃષ્ટાંતઃ યુવાન વિદ્યાર્થીઓનું ગ્રુપ પોતાના પ્રોફેસરને મળવા ગયું. થોડી જ વારમાં વાતનો પ્રવાહ ટેન્શન અને સ્ટ્રેસ તરફ ફંટાયો. બધા એક જ અવાજે બોલતા હતા કે અમારા જીવનમાં ટેન્શન અને સ્ટ્રેસ ખૂબ જ વધી ગયાં છે.

પ્રોફેસર ચુપચાપ સાંભળતા હતા. તેમણે પૂછ્યું કૉફી પીશો? અને પોતે જ અંદર જઈ બધા માટે કૉફી બનાવી લાવ્યા. બધાએ જોયું કે કૉફીનો દરેક કપ અલગ હતો. કોઈક વધારે સારો હતો તો કોઈ સાધારણ હતો તો કોઈક નાકું તૂટેલું ખંડિત હતો. પ્રોફેસરે ટ્રે ફેરવી. પહેલા સારા કપ ખલાસ થઈ ગયા પછી સાધારણ કપ ખલાસ થઈ ગયા અને છેલ્લે ખંડિત કપ બચ્યા.

કૉફી પીવાઈ ગયા પછી પ્રોફેસરે કહ્યું, તમે જોયું ને સુંદર અને મોંઘા કપ પહેલા ઉપાડ્યા. સાધારણ કપ પછી ઉપાડ્યા અને તૂટેલા કપ કોઈએ ન લીધા. તમને બધાને ખબર હતી કે અંદર કૉફી એકસરખી જ છે તેમ છતાં બધાને સારામાં સારો કપ જોઈતો હતો. તમને પ્રેરનાર કોફી ન હતી કપ હતા.

મિત્રો, જિંદગી કૉફી છે અને સાધનો, જોબ, પૈસા, સ્ટ્રેસ બધા કપ છે. કપ તો પાત્ર છે. તેમાં કૉફી ભરવાની છે. તેને પદાર્થ જેટલું મહત્ત્વ ન અપાય. કપની આટલી સત્તા ન ચાલવા દો. કોફીને માણતા શીખો તો પછી તમને ટેન્શન અને સ્ટ્રેસ નહિ પજવે. તમારા જીવનમાં ખામી, ખોટ, ત્રુટી અને અભાવનો પ્રભાવ નહિ પડે. આંતરિક શાંતિનો અનુભવ કરશો.

અંતમાંઃ આ નવી દુનિયામાં રોજ કંઈક નવું, રોજ કંઈક અલગ, રોજ કંઈક વિશેષ મળી જ રહે છે, પરંતુ આ અભાવના સ્વભાવથી આપણે એનો આનંદ લઈ શકતા નથી. એટલે જ તો કહેવાય છે કે,

"બહાર તો આનંદનો અજવાશ, પરંતુ
ભીતરમાં અભાવનો અંધકાર છે.
"હજી એ હાલ છે "નાદાન" એના એ જ
સમજી શક્યો નથી હજી શેનો અભાવ છે".

*સર્જનહારમાંથી સાભાર*

# મારા પિતા...

આજે જે લેખ લખવા જઈ રહ્યો છું તે માત્ર લેખ નહિ, પરંતુ મારી જિંદગી છે. મારું સર્વસ્વ છે, મારો આત્મા છે, મારા ગુરુ, મારા સખા, મારાં સુખ-દુઃખના ભાગીદાર, ઈશ્વરે નીમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારા પિતા...!

કોઈ પણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે, સંત-મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિશે જ વધારે કહે છે, દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયાં છે. લેખકો-કવિઓએ પણ માતાનાં ખૂબ વખાણ કર્યાં છે.

પણ ક્યાંય પિતા વિષે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે, પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે... આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ, પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે?

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે...

તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે આપણાં સુખનાં કાણાં તેના ગંજીમાં પડયાં છે.

તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા - દીકરીને નવા જીન્સ લઈ આપશે, પણ પોતે તો જૂનો લેંઘો જ વાપરશે.

સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઈને બિલ કરશે, પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઈ ગયો હશે તો નહાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણી વાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતા હોય છે...!

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે, પણ આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ?

નોકરીમાં એક દિવસ રવિવારે રજા મળવા છતાં... કામ કરતા પણ મેં જોયેલા છે પિતાને...

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે, પણ રાત્રે તકિયામાં મોઢું છુપાવીને ડૂસકાં ભરે છે તે પિતા હોય છે....!

પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોનાં આંસુ લૂંછવાનું કામ પણ પિતાએ જ કરવાનું હોય છે...!

પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી, પણ જો ડૉક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે, તો શું કરવું તેનો ડર લાગે છે.

કારણકે દીકરીનાં લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈ પણ સાધન હોતું નથી. પહોંચ હોય કે ન હોય, પણ દીકરાને એન્જિનિયરિંગ કે મેડિકલમાં પ્રવેશ અપાવે છે...!

ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હૉસ્ટેલમાં પૈસા મોકલે છે...!

કોઈ પણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે, કારણકે બાજુમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડાનાં પડીકાં લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી...!

બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખૂબ મહત્ત્વ હોય છે, પણ હૉસ્પિટલની લૉબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી...!

પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ, પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે, તો ભલે ઊભાઊભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે...!

યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે...!

દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેકઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરત કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે, ખરું ને?

બસ હવે વધુ કઈ નહિ લખી શકું...

**I LOVE MY FATHER...** હું દોડીને મારા પિતાની જ આંગળી પકડું...!

જો તમને આ લેખ અને વાતો ગમી હોય તો શેર કરજો મિત્રો સાથે જેથી કરીને આમાંના કોઈક શબ્દો કોઈક મા-બાપને વૃદ્ધાશ્રમે જતા અટકાવશે, તો મારો અને તમારો જન્મારો સફળ ગણાશે... *(સાભાર)*

# संसार का दु:ख बुढापा
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

*संसार जल रहा है,*
*जन्म जरा मरण से।*
*बचाओ मेरी आत्मा,*
*तुझ शरण को स्वीकारु।।*

संसार में दु:ख ही दु:ख है, परन्तु तीन दु:ख मुख्य बताये है, जन्म, जरा और मरण। हमें मृत्यु का दु:ख असह्य लगता है, किन्तु उससे भी अधिक दु:ख जरा या ने बुढापा (वृद्धावस्था) का है। बुढापा किसे नहीं आता ! हमें बचपन प्रिय लगता है, बचपने में राग-द्वेष कम होते है, ईर्ष्या नहीं होती है, सरलता ज्यादा होती है, कमाने की पड़ी नहीं, खुब खेलना, मस्ती करना, पतली आवाज में बोलना, इस तरह बचपन सबको प्यारा लगता है।

युवावस्था, गृहस्थी में प्रवेश, कमाने की चिन्ता, परिवार को चलाने की चिन्ता, कई चिन्ता से युक्त जवानी दिवानी होती है, ''जवानी नीन्द भर सोया बुढापा देख कर रोया''! जवानी में हम व्यस्त रहते हैं, और बुढापा बिलकुल खाली, समय ही समय, परन्तु शरीर साथ नहीं देता। बचपन और जवानी हमें प्रिय लगती है, तो बुढापा अप्रिय लगता है। बुढे व्यक्ति को कोई नहीं चाहता, उससे कोई बात करना भी पसंद नहीं करते और नाहीं उनकी कोई बात सुनना पसन्द करता है। वैसे देखा जाय तो बुढापा बचपन जैसा ही होता है, जैसे बचपन एवं बुढापे दोनों अवस्था में व्यक्ति आत्मनिर्भर नहीं होता है। दोनों में किसी और के सहारे की जरुरत होती है। बोलने में बालक तोतला बोलता है, तो बुढा व्यक्ति भी स्पष्ट नहीं बोल सकता। बालक ज्यादा काम नहीं कर सकता तो बुढा भी। बच्चों को खाने की समझ नहीं पड़ती है, तो बुढों को भी। कई समानता होते हुये भी लोग बालक को पसन्द करते है, बुढों को नहीं।

बुढापे में शरीर के सारे अंग एक के बाद एक शिथिल होते जाते है। कई छोटे मोटे रोगों से घिरा हुआ रहता है बुढापा। आँख से कम दिखना, कान से कम सुनना, हाथ-पाँव नहीं चलना, कमर की तकलीफ, मुँह में दातों की बीमारी, पेट में आँतो की बीमारी, ब्लड प्रेसर, डायाबिटीस, प्रोस्टेड, मोतियाँ, थायरोड आदि कई बीमारियाँ बुढापे को हिलाती रहती है और बडी बीमारिया, हार्ट-एटेक, ब्लोकेज, ब्रेन हेमरेज, पथरी, एपेन्डिक्स आदि बुढापे को झकझोर कर रख देती है। कुछ बीमारिया ऐसी होती है, जिस में मरीज के पास जाने में भी हमें सावधानी रखनी पड़ती है। आगे चल कर वृद्धावस्था में आये रोग जलदी मिटते नहीं है। ऐसे में घडपण बड़ा दु:खदायी हो जाता है। कई केसों में दर्दी को सम्हालने वाले इतने परेशान हो जाते है की वे भगवान से प्रार्थना करते है की अब इनको ले लो और इस नर्क की जिन्दगी से छुटकारा दिलाओ। तथा बुढा व्यक्ति भी ऊपर वाले से मौत माँगता है, किन्तु यह कटु सत्य है की माँगी मौत नहीं मिलती। बुढा व्यक्ति दर्द से कराहता है, उनकी सेवा करने वाले परेशान हो जाते है।

वृद्धावस्था में व्यक्ति धर्म-आराधना भी ज्यादा नहीं कर सकता है, क्योंकि शरीर साथ नहीं देता। कहाँ जाना-आना हो तो तकलीफ। काल का ऋतुचक्र भी वृद्ध को ही ज्यादा परेशान करता है, ऐसे में वृद्ध की आँख घर में आनेजाने वाले को टुगुर टुगुर देखती रहती है, उसको कोई कम्पनी देनावाला नहीं, उसके साथ कोई बात करने को तैयार नहीं, उसको कोई सुननेवाला नहीं। बस समभाव से सहन करों और वृद्धावस्था को ''जीवन मिला है तो जिना ही पडेगा'' समझ कर शांति से जिओ। आर्त ध्यान, रौद्र ध्यान कर्मो का बन्धन कराने वाला है। समता रखने वाला, शान्ति रखने वाला कर्म को क्षय करता है।

जीवन में जिन्हें गुरुओ का सांनिध्य मिला हो, सन्त-सतियों से ज्ञान मिला हो, जन्म, जरा, और मरण का जिसने महत्त्व समझा हो, उसे वृद्धावस्था में भी शांति की अनुभूति होती है। व्यक्ति जब अपने कार्य में व्यस्त रहता है, तो उसे शरीर की पीडा बहुत कम सताती है। किन्तु जिस व्यक्ति ने बुढापे में काम छोड दिया हो वे सो कर, बैठ कर परेशान हो जाते है। इसलिए ज्ञानी कहते है, व्यक्ति प्रवृत्ति में रहता है, तो वह परेशान कम होता है। बुढा

व्यक्ति २४ घन्टे आराधना भी नहीं कर सकता है, और बिना मन के आराधना करी हुयी निष्फल जाती है। इस अवस्था में कई लोग क्रोधी हो जाते है, खिन्न हो जाते है, मन अशान्त रहने लगता है, कोई काम करता है, तो पसन्द नहीं आता है, स्वभाव से व्यक्ति चिडचिडा हो जाता है, सहनशक्ति भी कम हो जाती है।

एसे में उनकी देखरेख करने वाले परिजन जो निःस्वार्थ भाव से सेवा करे, मन में बिना किसी रागद्वेष से अपना फर्ज समझ कर सेवा करे, तो वह व्यक्ति शुभ कर्मो का उपार्जन कर लेता है। जिससे उसको आनेवाले भव में अपूर्व शक्ति मिलती है, वह हर कार्य करने में समर्थ रहता है, और उसे इतनी शक्ति मिलती है कि वह आराम से अपने पूर्व में किये हुए अशुभ कर्म को खपा देता है। एवं धर्म-आराधना करने का उनको विशेष अवसर मिलता है इस तरह जीवन में वृद्धो की सेवा करने का फल कभी निष्फल नहीं जाता है। आज भी हमारे देश में वृद्धो की, रुग्णावस्था में रहने वाले लोगो की सेवा करने वाले बहुत है। ईसाई धर्म के धर्मगुरुने भी सेवा को ही प्राथमिकता दी है, इस तरह सेवा को अपने जीवन में प्राथमिकता देने वाले अपने कर्मो को क्षय कर महान बन जाते है।

हर परिवार में वृद्ध तो होते ही है। हमें देखना है, क्या हमारे परिवार में किसी वृद्ध की उपेक्षा तो नहीं हो रही है? क्या हम उनकी ठिक से देखभाल कर रहे है? क्या उनकी आवश्यकता की पूर्ति ठिक से हो रही है? क्या हमारे परिवार में एसे वृद्ध व्यक्ति को परिवार का कोई सदस्य सता तो नहीं रहा है? अगर हम वृद्धो की सेवा नहीं कर सकते है तो कोई बात नहीं, किन्तु हमारा उनको सताना हमें बहुत मेहंगा पडेगा। वृद्ध की मृत्यु के पश्चात हमें बहुत पछताना पडेगा, इसलिये हमें जीवन में इस प्रकार की भूलो से बहुत दूर रहना है। कई जगह हम देखते है वृद्धो को उनके परिवारजन बहुत बूरा-भला कहते है, चिल्लाते है, उनकी आवश्यकता की और ध्यान नहीं देते है, उन्हें यह सोचना है की एक दिन उनको भी इस स्थिति से गुजरना है और वे वृद्धावस्था के दुःख को समझे नहीं तो अनर्थ हो जायेगा।

वृद्धों की सबसे बड़ी तकलीफ है की उनके पास बैठ कर सुख-दुःख की बातें करने वाला कोई नहीं है। परिवार के अन्य सदस्य या तो काम में व्यस्त रहते है, और अगर कोई थोडे समय के लिए कार्य से मुक्त हुआ तो आज की इस नई जनरेशन को वृद्धों से बात करने में शर्म आती है, और कहते हैं उनसे क्या बात करुँ। हम वृद्धों से सुख-दुःख की बात करें, व्यापार-व्यवसाय की बात करें, परिवार-समाज की बात करें तो उनका मन हलका हो जाता है। हो सकता है हमें बातोंबातों में उनसे कोई अच्छी सलाह मिल जाय। किन्तु आज हमारी यह दशा है कि मेरी समझ से अच्छी किसी की समझ हो ही नहीं सकती, ''यह सोंच हमें डूबा देती है। आज सामन्त परिवारों मे वृद्धो का अच्छे से अच्छे अस्पताल में ईलाज करवाना, एक नर्स ओर एक स्वीपर को वृद्ध की देखरेख करने के लिए तैनात कर देना, आदि की प्रथा सी चल पड़ी है। किन्तु सामन्त परिवार उनके पास बैठ कर सुख-दुःख की बात करना, बिमारी के विषय की चर्चा करना, उनकी सेवा-सुश्रुषा करना, आदि कार्यो से कतराते है, और वृद्धो के अंतिम आशीर्वाद से भी वे वन्चित रह जाते है। कई लोगों का मन होते हुये भी वे वृद्ध की सेवा नहीं कर पाते है। यह समाज की विडम्बना है, और मरने के बाद उनके लिए समय निकालना, रोना, उनकी प्रशंसा करना आदि समाज के सामने रख कर हम क्या सिद्ध करना चाहते है। जीते जी तो हमने कुछ किया नहीं और मरने के बाद? कई बच्चे अपने माता-पिता के अंतिम समय से भी दूर हो जाते है, कई दुर्भाग्यवश अपने माता-पिता के अंतिम दर्शन भी नहीं कर पाते है, उनसे बोल नहीं पाते, अंतिम सेवा नहीं कर पाते है। हमें अपने जीवन में हमेशा आलार्म भर कर रखना है, यह समय कभी भी आ सकता है और हमें इस लाभ से वंचित नहीं रहना है। कहावत है की ''पडोस का वाडा और बाप का दहाड़ा'' व्यक्ति को जिंदगी में एक ही बार मिलता है और इस अवसर को हमें छोड़ना नहीं है, वधा लेना है।

## BIODATA



**Name** : **SUMEER HEMANT TURAKHIA**

**Personal Information :**

**Bd/Bp/Bt** : 16.07.1984 / Mumbai / 1.47 pm.

**Height** : 6'.0" average build & fair complexion Soft spoken, understanding, caring and intelligent

**Eating Habits** : Vegetarian, does not drink or smoke Enjoys music and reading

**Academic Information**

1) Bachelor of Architecture from Rachana Sansad's Academy of Architecture, Mumbai. 2) HSC from S.I.E.S. College of Arts, Science and Commerce, Mumbai 3) SSC from Don Bosco High School, Mumbai

**Professional Information :**

1) Working with MALIK Architecture at Ballard Estate, Mumbai since the last four years as architect for residential complex 'Adhiraj Samyama' at Kharghar, Navi Mumbai.
2) Also working for Father's Consultancy firm 'Unison Enterprise' which undertakes turnkey civil and interior projects in Mumbai.
3) Previously worked with architect T. Khareghat at Fort, Mumbai for five years for residential complex 'Godrej Garden Enclave' at Vikhroli, Mumbai.

**Family Background :**

Cultured, Simple, liberal and well-to-do Dashashrimali Sthanakwasi Jain family from Lathi, Amreli District, residing in Mumbai for over 65 years.

**Grand parents** : Late Jayantilal Kalyanji Turakhia & Late Vidyagauri J. Turakhia-Mumbai. Late Shashikant Raichand Mehta & Lalitaben S. Mehta, Rajkot

**Father** : Hemant J. Turakhia, B.E. Civil-Interior consultancy business

**Mother** : Naju H. Turakhia, M.Sc., Clinical consultant for a Pharma company

**Brother** : Sudeep H. Turakhia, B.E.,M.B.A. working in Deutsche bank

**Uncles/aunts** : Pradyot Jayantilal Turakhia, U.S.A. Late Nalini Mulubhai Shah, Mumbai Charu Pankajbhai Shah, Bhavnagar, Rini Jaydeepbhai Maun, Gandhinagar

**Partner Preference:**

Well qualified, family loving, mixing nature, simple, caring and good looking from a cultured Gujarati family

## BIODATA



**Name** : **ABHIMANYU JAYESH JHAVERI**

**Father's Name** : Mr. Jayesh Dharamdas Jhaveri

**Mother's Name** : Mrs. Sonal Jayesh Jhaveri

**Native Place** : Vavania (Near Morbi)

**Grandfather's Name** : Shri Dharamdas Manilal Jhaveri

**Grandmother's Name:** Smt. Nirmala Dharamdas Jhaveri (Junagad)

**Caste** : Dasha Shrimali Deravasi Jain

**Education** : M.B.A. (Welingkar Institute of Management Studies) B.M.S. (SIES College-Sion)

**Bd/Bp/Bt** : 25th July, 1989 /Mumbai / 12.08 pm.

**Height** : 5'.9"

**Mosal** : Late Shri Jaykumar Nagardas Lakhani Smt. Ansuya Jaykumar Lakhani (Native Chalala) At present staying at 1/54, Nanik Niwas, Opp. Tata Garden, Warden Road, Mumbai-400 036.

**Residential Address :** Dharamdas Manilal Jhaveri A/12, Mahavir Building, Derasar Lane, Ghatkopar East, Mumbai-77. Jayesh Dharamdas Jhaveri Flat No. 8, Pritam Bldg., Plot No. 70, Garodia Nagar, Ghatkopar (East), Mumbai - 400 077.

**Occupation** : Import Business (Food Stuff & Commodity Items), Director of Dharamdas Mktg & Warehousing Pvt. Ltd., Previously Associated with HDFC Securities in Equity Research

**Office Address** : Dharamdas M. Jhaveri & Co. B Plot, Cotton Green, Opp. Fire Bridge Station, Mumbai-400 033.

**Contact Details** : Mobile : +91 9619646420, 9969776742 Resi. : 022 67551154

**Mother Mobile** : 9969417531

**E-mail ID** : jhaverisonal3@gmail.com

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ધવલ કોઠારી, ૨૫-૬-૧૯૮૩ ૫'-૬''<br>બી.એ., - | –<br>ઉપલેટા - | (ઘર) —<br>(મો) ૯૩૭૭૧૪૧૮૭૫ |
| ૨) | દર્શન હેમન્તભાઇ શાહ, ૬-૯-૧૯૯૦, ૫'-૧૧''<br>એમ.બી.એ.,- | મહેસાણા દશા શ્રીમાળી મૂ.પૂ.શ્વે.જૈન<br>મહેસાણા - | (ઘર) —<br>(મો) ૯૨૨૮૧૦૮૩૬૪ |
| ૩) | દેવાંગ મહેન્દ્રભાઇ શાહ, ૨૭-૩-૧૯૭૧, ૫'-૫''<br>એસ.વાય.બી.કૉમ., - કૉમ્પ્યુટર કોર્સ | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>પોરબંદર – અંધેરી | (ઘર) ૨૬૮૭૮૦૦૯<br>(મો) — |
| ૪) | અમિત નરેશભાઇ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>બી.કૉમ., - | વીસા ઓસ.મૂ.પૂ.શ્વે.જૈન<br>પાલનપુર - બોરીવલી | (ઘર) —<br>(મો) ૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૫) | નિલેશ રસિકલાલ મહેતા, ૧૩-૬-૧૯૮૪, ૫'-૪''<br>બી.કૉમ., એમ.કૉમ., સી.એ. (ઇન્ટર), - | દશા શ્રીમાળી જૈન<br>મોરબી - ભાઇંદર | (ઘર) —<br>(મો) ૯૮૨૧૦૫૮૦૯૦ |
| ૬) | અમિત નલિનભાઇ શાહ, ૧૯-૨-૧૯૮૩, ૫'-૧૦''<br>બી.કૉમ., એમ.કૉમ., – | વીસા ઓશવાળ દેરાવાસી જૈન<br>વેરાવળ - અંધેરી | (ઘર) —<br>(મો) ૯૮૨૦૪૫૭૦૮૭ |
| ૭) | મીનય મહેશભાઇ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>એમ.બી.એ., બી.એમ.સી., - (નિર્દોષ છૂટાછેડા) | વીસા શ્રીમાળી ઘોઘારી જૈન<br>દીહોર – ભાઇંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૮) | મિતુલ અનિલકુમાર સંઘાણી, ૩૧-૩-૧૯૮૮, ૫'-૧૧''<br>C.A., Pursuing ACCA (UK), – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |

## યુવતી

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ધ્વનિ ભરતભાઇ શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>એમ.કૉમ., - | શ્રી કઠોર વીસા શ્રીમાળી જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) —<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૨) | પૂજા હેમંતભાઇ શાહ, ૧૮-૨-૧૯૯૫, ૫'-૨''<br>એસ.વાય.બી.કૉમ., કૉમ્પ્યુટર કોર્સ - | મહેસાણા દશા શ્રીમાળી મૂ.પૂ.શ્વે. જૈન<br>મહેસાણા – | (ઘર) —<br>(મો) ૯૨૨૮૧૦૮૩૬૪ |
| ૩) | ઝંખના ગિરીશભાઇ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'-૩''<br>સી.એ., - | સ્થાનકવાસી જૈન<br>માંગરોળ – મુલુંડ | (ઘર) —<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૪) | રેશ્મા અશ્વિનભાઇ શાહ, ૧૨-૭-૧૯૮૧, ૫'-૬''<br>એસ.એસ.સી., - | ઝાલાવાડી મૂ.પૂ.શ્વે.જૈન<br>વઢવાણ – કાંદિવલી | (ઘર) —<br>(મો) ૯૮૨૧૧૨૯૯૬૩ |
| ૫) | કરીના ડી. મહેતા, ૨૪-૨-૧૯૯૧, ૫'-૪''<br>બી.કૉમ., - | હાલાર જામનગર વી.શ્રી.દેરા.જૈન<br>જામનગર – સાયન | (ઘર) —<br>(મો) ૯૮૭૦૪૭૧૩૨૧ |
| ૬) | હીરલ કૌશિકભાઇ શાહ, ૧૦-૭-૧૯૮૬,<br>એફ.વાય.બી.કૉમ., - (છૂટાછેડા) | વીસા શ્રીમાળી જૈન<br>પાટણ – મલાડ | (ઘર) —<br>(મો) ૯૮૨૦૬૪૪૦૭૬ |
| ૭) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>એસ.એસ.સી. – (હળવો મંગળ + શનિ) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – અંધેરી | (ઘર) —<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |

# Enjoy Holidays with Gem Travels

## Splendid South Africa

09 N / 10 D



₹115999/- Departure Every Wednesday

## Only Seychelles

05 N / 06 D



₹90000/- Departure Every Thursday

## Italy with Swiss

10 N / 11 D



EURO 1549 + Airfare + Visa Taxes Departure:Every Sunday

## Beauty Europe

08 N / 09 D



₹49999/- + Euro 1150 Departure Every Thursday & Sunday

## Amazing New Zealand

13 N / 14 D



₹80000/- + NZD 2559

## DUBAI

05 N / 06 D



₹50000/- Daily Departure

**INCLUSION:** Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.

ADVT.

**GEM**™ TOURS & TRAVELS PVT. LTD *The Luxury Tour Co.*

- Hemang Doshi +91 9322216626
- Virag Shah +91 9821065854
- Hemen Kanthawala +91 9819084064
- Dolly Jain +91 9004703237

*Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com*

**HUGHES ROAD:** (022) 2367 7070, **DELHI:** +011 40540012/13, **PARLE:** (022) 26178400, **KHAR:** +91 8291619279, **KANDIVALI:** +91 9920133567, **VASHI:** +91 91 22 41237070, **PUNE:** +91 9326222552, **CHENNAI:** +91 44 26401780, **AHMEDABAD:** +91 792 646 0300, **SURAT:** +91 2613913900, **JAMNAGAR:** +91 9426207014, **BANGALORE:** +91 9840045533, **VASHI:** +91 22 41237070, **GURGAON:** 01244141468

Price Rs.5-00 Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/03/2016
JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018


Celebrating 20 years 1996-2016

Find us on :

www.flamingotravels.co.in

*not just a business, but a philosophy*

# FLAMINGO®
transworld pvt. ltd.

## સાઉથ આફ્રિકા
૧૦ રાત્રી / ૧૧ દિવસ



ટુર ઉપડવાની તારીખ
૩,૧૦,૧૭,૨૪,૩૧ મે | ૧૪ ઓગષ્ટ | ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૬

## યુનિક્લી સાઉથ ઈસ્ટ એશિયા સાથે ફુકેત અને ક્રેબી
૧૧ રાત્રી / ૧૨ દિવસ



ટુર ઉપડવાની તારીખ
૧૨ મે ૨૦૧૬

## હોંગકોંગ-શેનઝન-મકાઉ
7 રાત્રિ / 8 દિવસ



ટુર ઉપડવાની તારીખ
૩, ૭, ૮, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૧૯, ૨૧, ૨૨, ૨૫, ૩૧ મે ૨૦૧૬

## દુબઈ
૪ રાત્રિ થી ૬ રાત્રિ



ટુર ઉપડવાની તારીખ
૮,૨૨,૨૯ એપ્રિલ ૨૦૧૬
૬,૧૩,૨૦,૨૭ મે ૨૦૧૬

## ચાઈના-જાપાન
15 રાત્રિ / 16 દિવસ



ટુર ઉપડવાની તારીખ
૧૩, ૨૧, ૨૭ મે ૨૦૧૬
૪ જૂન ૨૦૧૬

**બીજા ડેસ્ટીનેશન :** યુરોપ | અમેરિકા | ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | કાશ્મીર | લેહ-લદાખ | સિક્કિમ | ડાર્જલીંગ | કેરાલા

**અમારી સર્વિસીસ :** સ્વાદિષ્ટ જૈન અને શાકાહારી ભોજનની સુવિધા | ફ્લેમિંગોના પોતાનાં ગુજરાતી ટુર મેનેજરો લક્ઝુરીયસ હોટેલ્સ | સર્વશ્રેષ્ઠ આલીશાન કોચીસ | વેલ્યુ ફોર મની ટુર્સ

ADVT

મુંબઈ ઓફિસ : 905, 9મો માળ, કે.પી. ઑરમ, સેવન હીલ્સ હોસ્પિટલ પાસે, મરોલ મરૂષી રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ

**PARAS SHAH : 7506513304 | TEJ SANGHAVI : 750651335**

E : mumbaiteam@flamingotravels.co.in

022-66925959 | 66935959 | 29200248 | 29259595

www.advistamarcom.com




Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**